# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


અખબારી યાદી નં. ૦૨

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અને વનિતા વિશ્રામ મહીલા યુનિવર્સિટી, સુરત જોડાયા...

આઝાદી પહેલાંથી જેનો પાયો નંખાયો છે અને જામ દિગ્વીજયસિંહજીની નિશ્રામાં એલોપેથીનાં ડોકટર એવા અને દીર્ઘદ્રષ્ટા ડો. પી.એમ.મહેતાનાં વડપણ હેઠળ મહારાણી ગુલાબકુંવરબા ધ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનો પાયો 1940માં શરૂ થયો.

1947માં ભારત સરકારે આયુર્વેદને ઉતેજન આપવાના સ્વરૂપે જામનગરમાં રીસર્ચ ઇન્સ્ટીટયુટ શરૂ કરવાનો પ્રારંભ કર્યો એના અનુંસંધાને 1954માં સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ફોર ઇન્ડીજીનીયસ સીસ્ટમ ઓફ મેડીસીન (CIRISM) ની શરૂઆત ડો. પી.એમ.મહેતાનાં વડપણ હેઠળ થઇ.

આવો જ ગૌરવવંતો ઇતીહાસ સુરતની વનિતા વિશ્રામ મહીલા યુનિવર્સિટીનો છે. આ સંસ્થા પણ 1907માં શિવગૌરી અને બાજીગૌરી મહીલા ધ્વારા શરૂ થઇ. બાજીગૌરી મુન્સી બ્રાહ્મણ ફેમીલીથી હતાં જે 22 વર્ષની યુવા વયે વિધવા થયાં અને ત્યારબાદ એમણે પૂરી સ્વસ્થતાથી હિંમત હાર્યા વગર વનિતા વિશ્રામ ટ્રસ્ટની રચના કરી.

આ સંસ્થા અંતગર્ત વિવિધ પ્રકારના કોર્સ ચાલે છે જેમાં સ્કુલ ઓફ સાયન્સ અને ટેકનોલોજી વિભાગમાં ફુડ અને ન્યુટ્રીશ્ન વિષયમાં B.Sc નો કોર્સ ચાલે છે. ભારતીય એવી આયુર્વેદ પધ્ધતિમાં ખોરાકનું મહત્વ ઋષીમુનિઓએ વર્ણવેલ છે.

ઋતુઓ અનુસાર ખોરાક, જીવનશૈલી તેમજ વિહારનું બહુ વૈજ્ઞાનીક રીતે તેની વિશદ છણાવટ છે.

ભારતમાં રહેલી સ્પષ્ટ એવી છ ઋતુઓ અનુસાર આહાર, વિહાર, પરિચર્યાનો ઉલ્લેખ છે જે માણસને તંદુરસ્ત રહેવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ભારતમાં ઉગતા તમામ ધાન્યો, ફળો, શાકભાજી અને કઠોળનાં તમામ વર્ગીકરણ છે અને તમામનાં ગુણદોષ આયુર્વેદ અનુસાર વાયુ પિત કફ ધ્વારા વિગતવાર વર્ણવેલ છે.

કઇ ઋતુમાં શું આહાર શ્રેષ્ઠ છે શાકમાં શું શ્રેષ્ઠ છે ધાન્યમાં શ્રેષ્ઠ ધાન્ય શું હોય અને જયારે રોગ થાય ત્યારે આયુર્વેદનું અપાયું અંગ 'પથ્યાપથ્ય' એટલે કે શું ખવાય અને શું ન ખવાય એની સ્પષ્ટ સમજણ છે.

આયુર્વેદના અભ્યાસક્રમમાં આ વિષય ઉપર એમ.ડી. અને પી.એચ.ડી. પણ થવાય છે જેને સ્વસ્થવૃત તરીકે ઓળખે છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનાં વાઇસ ચાન્સેલર ડો. મુકુલ પટેલ ધ્વારા આ વિષયને ફુડ અને ટેકનોલોજીનાં બી.એસ.સી. અભ્યાસક્રમ સાથે સાંકળી ભારતીય પરંપરા અનુસાર પાયાની બાબતે એમ.ઓ.યુ. કર્યા છે. આ એમ.ઓ.યુ. ધ્વારા વનિતા વિશ્રામમાં ચાલતા બી.એસ.સી.નાં અભ્યાસક્રમમાં આયુર્વેદનાં ફેકલ્ટી ધ્વારા આહાર વિષયક મોડયુલ તૈયાર કરી અભ્યાસક્રમ સાથે વણી લેવાશે.

આયુર્વેદમાં સ્વસ્થવૃત સાથે એમ.ડી. થયેલ એવા પ્રોફેસરો/ચિકિત્સકોને વનિતા વિશ્રામમાં વીઝીટીંગ પ્લેટફોર્મ પુરૂ પાડી આહાર વિષયક સંશોધનો તેમજ પ્રેકટીકલ નોલેજ ઉપલબ્ધ કરાશે.

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)
## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


આવનારા સમયમાં યુનિવર્સિટી ધ્વારા સ્વસ્થવૃત બોર્ડને પણ આ અંગે જવાબદારી સોંપી આ બીએસસી અભ્યાસક્રમમાં ભારતીય આહાર વિહાર અંગે સીલેબસ તૈયાર કરાવાશે.

વનિતા વિશ્રામ એક માત્ર મહીલા યુનિવર્સિટી છે જે સુરતમાં બહોળું ઇન્ફ્રાસ્ટ્રકચર ધરાવે છે અને સામાજીક કાર્યો અંગે અગ્રેસર છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન થતાં ઘણાં બધાં સ્કોપ ઉભાં થશે એમ મનાય છે.

બંને યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. મુકુલ પટેલ તેમજ દક્ષેશભાઇએ આ અંગે વિચાર વિનિમય કર્યો હતો અને બંને સંસ્થા એકબીજા સાથે સંલગ્ન થવા ખુશી વ્યકત કરી હતી.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી બહુ જ લીમીટેડ સ્ટાફ સાથે અત્યંત આધુનિક સંશાધનો ધ્વારા પરીક્ષા, વહીવટ, એકાઉન્ટ, એસેસમેન્ટ તેમજ અન્ય બાબતની ગુણવતા જાળવવા નોંધનીય કામ કર્યુ છે.

આવનાર વર્ષોમાં જામનગર સ્થિત આ યુનિવર્સિટી ઘણાં નવાં કોર્સ ધ્વારા વિશ્વફલકમાં પોતાનું વિસ્તરણ કરનાર છે એમ ડો. મુકુલ પટેલે પ્રેસમાં જણાવ્યું હતું...

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૨૩-૨૪/૫863 તારીખ :૧૩/૦૯/૨૦૨૩

પ્રતિ,

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર સહ,.

આપનો વિશ્વાસુ

( એચ.પી.ઝાલા )

નિયામક

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબગંલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે.)
4. પીઆરએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)